જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલની અધ્યક્ષતામાં બેઠક મળી

કતારગામમાં ટ્રાફિક-દબાણ મુદ્દે કડક કાર્યવાહીનો આદેશ

ટ્રાફિક, સ્વચ્છતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મુદ્દા ગરમાયા, અશાંતધારા હેઠળ મિલકત વ્યવહારમાં પારદર્શિતા લાવવા માંગ

સુરતઃ સુરત જિલ્લામાં જનપ્રતિનિધિઓ દ્વારા ઉઠાવવામાં આવતા વિવિધ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે તંત્ર વધુ સક્રિય બનતું દેખાઈ રહ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં વિવિધ સ્થાનિક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી અને સંબંધિત અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી.

ધારાસભ્ય અરવિંદ રાણાએ અશાંતધારા કાયદા હેઠળ મિલકતની તબદીલી પહેલાં સ્થાનિક રહેવાસીઓના અભિપ્રાય લેવાની અને બોર્ડ-બેનર દ્વારા મિલકતની વિગતો જાહેર કરવાની માંગ ઉઠાવી હતી. તેમણે આ પ્રક્રિયામાં પારદર્શિતા વધારવા ઉપર ભાર મુક્યો. કતારગામના ધારાસભ્ય વિનોદભાઈ મોરડિયાએ અમરોલી નજીક અંજની ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં કેનાલનું નાળું પહોળું કરવાની રજૂઆત કરી. સાથે જ, રસ્તાઓ પર ફળ વેચતા ફેરીયાઓના કારણે સર્જાતા ટ્રાફિકજામના પ્રશ્ન પર ગંભીર ચિંતા વ્યક્ત કરી. ડભોલી ચાર રસ્તા નજીક રોંગ સાઈડ ડ્રાઈવિંગ સામે કડક કાર્યવાહી કરવા સૂચન કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ પોલીસ તંત્રને સખત પગલાં લેવા નિર્દેશ આપ્યો. બેઠકમાં જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ભેળસેળયુક્ત ખોરાક સામે અભિયાનની માંગ

વિનોદભાઈ મોરડિયાએ આરોગ્ય સાથે ચેડા કરતી ભેળસેળયુક્ત ખાદ્યવસ્તુઓ વેચતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી. ખાસ કરીને ફરસાણ બનાવવામાં તેલનો વારંવાર ઉપયોગ થતો હોવાની બાબતે તેમણે તંત્રને સતર્ક રહેવા જણાવ્યું.

બારડોલી વિસ્તારમાં અધૂરી યોજનાઓ ઝડપથી પૂર્ણ કરવાની માંગ

ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના પ્રશ્નોના જવાબમાં બારડોલી નગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા રેલ્વે ઓવરબ્રિજના કામને વહેલી તકે પૂર્ણ કરવાની જરૂરિયાત સ્વીકારવામાં આવી. હરિપુરા-કોસાડી તાપી નદી પરના બ્રિજનું કામ આગામી 31 મે સુધી પૂર્ણ થશે તેવી માહિતી માર્ગ અને મકાન વિભાગે આપી. સાથે જ, ખાડી-કોતર અને કાંસોની સાફસફાઈ માટે 10 સ્થળે કામગીરી શરૂ થઈ હોવાની માહિતી આપવામાં આવી.

મેટ્રો કામગીરીથી લોકોને રાહત આપવા રજૂઆત

ધારાસભ્ય પ્રવિણભાઈ ઘોઘારીએ લંબેહનુમાન રોડ પર બંધ પડેલા ગરનાળા અને મેટ્રોની કામગીરીના કારણે ઉભી થયેલી મુશ્કેલીઓ અંગે મુદ્દો ઉઠાવ્યો. જ્યાં કામ પૂર્ણ થઈ ગયું હોય ત્યાંથી બેરિકેડ્સ હટાવી લોકોને રાહત આપવા તેમણે આગ્રહ વ્યક્ત કર્યો.

જાહેર સલામતી માટે સ્પીડ બ્રેકર અને સફાઈ અભિયાન

ટીકેબીએસએમ રોડ પર સ્મશાનભૂમિ નજીક અને સરભોણ બાયપાસ વિસ્તારમાં સ્પીડ બ્રેકર મુકવાની માંગ પણ બેઠકમાં ઉઠી. વિવિધ ગામોમાં સફાઈ અને ડ્રેનેજ કામગીરીને ગતિ આપવા તંત્રે ખાતરી આપી.

રવિવારે સૌરાષ્ટ્ર પોણા બે અને ગુજરાત મેલ એક કલાક મોડી પડશે

પ્રભાદેવી અને વસઈ-વિરાર વચ્ચે ટ્રેન વ્યવહારને અસર

સુરત : પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનમાં મુસાફરોએ આગામી રવિવારે મુસાફરી કરતા પહેલા ટ્રેનો નું શિડ્યુલ ખાસ તપાસવું પડશે. રેલવે તંત્ર દ્વારા પ્રભાદેવી સ્ટેશન પર રોડ ઓવર બ્રિજનો ગર્ડર હટાવવાની કામગીરી અને વસઈ રોડ-વિરાર વચ્ચે મેન્ટેનન્સ માટે જમ્બો બ્લોક લેવાની જાહેરાત કરવામાં આવી છે.

આ બ્લોકને કારણે રવિવારે વહેલી સવારે અનેક લોકલ ટ્રેનો રદ રહેશે, જ્યારે ગુજરાત થી આવતી લાંબા અંતરની ટ્રેનો ના સમયમાં પણ મોટા ફેરફાર કરવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક વિભાગના જણાવ્યા અનુસાર, ૨૧/૨૨ માર્ચ ૨૦૨૬ની મધ્યરાત્રિએ પ્રભાદેવી સ્ટેશન પર તમામ લાઈનો પર ૦૧:૩૦ થી ૦૬:૦૦ વાગ્યા સુધી મેજર બ્લોક રહેશે. આ સમય દરમિયાન પ્રભાદેવી રોડ ઓવર બ્રિજનો ગર્ડર હટાવવાની કામગીરી કરાશે. જેના કારણે ચર્ચગેટ અને પ્રભાદેવી વચ્ચે તેમજ માટુંગા રોડ અને માહિમ વચ્ચે કોઈ જ ઉપનગરીય ટ્રેનો દોડશે નહીં. અનેક લોકલ ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોને દાદર અને બાંદ્રા ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે.બીજી તરફ, વસઈ રોડ અને વિરાર સ્ટેશનો વચ્ચે પણ અપ અને ડાઉન સ્લો લાઈન પર ૦૦:૧૫ થી ૦૪:૧૫ વાગ્યા સુધી જમ્બો બ્લોક કરવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન તમામ સ્લો લાઈન ટ્રેનોને વિરાર/વસઈ રોડ અને બોરીવલી વચ્ચે ફાસ્ટ લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે. જોકે, રાહતની વાત એ છે કે રવિવારે દિવસ દરમિયાન પશ્ચિમ રેલવે પર કોઈ બ્લોક રહેશે નહી.

ગુજરાત મેલ અને સૌરાષ્ટ્ર મેલ સહિતની ટ્રેનો થશે મોડીઃ આ બ્લોકની સીધી અસર સુરત અને મુંબઈ વચ્ચે દોડતી મેઈલ-એક્સપ્રેસ ટ્રેનો પર પડશે.

આ ટ્રેનો પર અસર થશે

1 સૌરાષ્ટ્ર મેલ (૨૨૯૪૬): ૧ કલાક ૪૫ મિનિટ મોડી પડશે.
2 ગુજરાત મેલ (૧૨૯૦૨): ૧ કલાક નિયમન કરવામાં આવશે.
3 એકતા નગર-દાદર સુપરફાસ્ટ (૧૨૯૨૮): ૧ કલાક મોડી દોડશે.
4 વારાણસી-મુંબઈ સેન્ટ્રલ એસી સ્પેશિયલ (૦૯૧૮૪): ૨ કલાક માટે રોકી રાખવામાં આવશે.
5 ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ (૨૨૯૫૩): ૨૨ માર્ચના રોજ મુંબઈ સેન્ટ્રલથી તેના નિર્ધારિત સમય ૦૫:૪૦ના બદલે ૩૦ મિનિટ મોડી એટલે કે ૦૬:૧૦ વાગ્યે ઉપડશે.

માતાના મૃતદેહ માટે ભાઈ-બહેન વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા

વલસાડના વાઘલધરા ગામે મિલકતના વિવાદમાં બંનેના એકબીજા પર આક્ષેપો

અંતિમ સંસ્કાર કરવાનાને બદલે હોસ્પિટલથી પોલીસ સ્ટેશન સુધી બાખડ્યા

વલસાડઃ વલસાડમાં મૃત્યુ પામેલી માતાના અંતિમ સંસ્કાર કરવાને બદલે, પુત્ર અને પુત્રી વચ્ચે લાશના કબજા માટે હોસ્પિટલથી લઈને વલસાડ પોલીસ સ્ટેશન સુધી સાડા ચાર કલાક સુધી હંગામો ચાલ્યો હતો..

વલસાડના વાઘલધરા ગામના જેસીયા ફળિયામાં રહેતા રંજનબેન કમલેશભાઈ પટેલ (ઉ.વ.૫૧) લાંબા સમયથી બ્રેસ્ટ કેન્સરથી પીડાતા હતા. સારવાર દરમિયાન વલસાડ સિવિલ હોસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું. તેમના મૃત્યુ બાદ પુત્ર એલવીન કમલેશભાઈ પટેલ અને પુત્રી અવધિબેન પ્રીતેશભાઈ પટેલ વચ્ચે અંતિમ સંસ્કાર ક્યાં કરવા તે મુદ્દે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. તેણીએ આક્ષેપ કર્યો કે ભાઈ એલવીન માતાને સાચવતો ન હતો અને બીમારી દરમિયાન તેમને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. માતાની સેવા-ચાકરી તેણીએ પોતાના સાસરે ચીમલા ગામે રાખીને કરી હતી. માતાએ અંતિમ સમયે ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેમની અંતિમવિધિ જેસીયા ગામે નહીં, પણ ચીમલા અથવા મોસાળ પક્ષના બારોલીયા ગામે કરવામાં આવે.

બીજી તરફ પુત્રએ જણાવ્યું કે તેણે પરિવાર સાથે મળીને માતાની વિવિધ હોસ્પિટલોમાં સારવાર કરાવી હતી અને તે સતત માતાની સંભાળ રાખતો હતો. તેણે બહેન પર અંતિમ વિધિ કરવા બાબતે અડચણ ઊભી કરવાનો આક્ષેપ કર્યો હતો. ૪થી ૫ કલાક સુધી શબવાહિની પોલીસમથકની બહાર પડી રહી જ્યારે અંદર ભાઈ-બહેન મિલકતના કથિત વિવાદમાં એકબીજા પર આક્ષેપો કરી રહ્યા હતા, ત્યારે માતાનો મૃતદેહ બહાર શબવાહિનીમાં હતો.

અંતે વલસાડ સીટી પી.આઈ. ડી.ડી. પરમારે બંને પક્ષોને સમજાવ્યા હતા. લાંબી સમજાવટ બાદ આખરે એવો નિર્ણય લેવાયો કે રંજનબેનના અંતિમ સંસ્કાર તેમના પિયર પક્ષના ગામ બારોલીયા ખાતે કરવામાં આવશે. પોલીસ બંદોબસ્ત સાથે મૃતદેહને બારોલીયા રવાના કરવામાં આવ્યો ત્યારે આ હાઈવોલ્ટેજ ડ્રામાનો અંત આવ્યો હતો.

લિવ-ઈન રિલેશનશીપને હવે કાયદાકીય માન્યતા મળશે

UCC વિધેયક, ૨૦૨૬ વિધાનસભામાં રજૂ

વારસો અને લિવ-ઇન સંબંધો માટે એકરૂપ કાયદાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું

ગાંધીનગર : રાજ્ય સરકાર દ્વારા "ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬" વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું છે, જે રાજ્યમાં લગ્ન, છૂટાછેડા, વારસાગત હક અને લિવ-ઈન રિલેશનશિપ જેવા વ્યક્તિગત મુદ્દાઓને એકસરખા કાયદા હેઠળ લાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ માનવામાં આવી રહ્યો છે.

આ વિધેયકનો મુખ્ય હેતુ વિવિધ ધર્મ અને પરંપરાઓ અનુસાર ચાલતા જુદા-જુદા વ્યક્તિગત કાયદાઓને એકરૂપ બનાવી કાનૂની સ્પષ્ટતા, પારદર્શિતા અને સામાજિક સમાનતા સ્થાપિત કરવાનો છે. વિધેયક સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડશે અને રાજ્ય બહાર વસતા ગુજરાતીઓ પર પણ તેની અસર રહેશે. જોકે અનુસૂચિત આદિજાતિ તથા સંવિધાન હેઠળ સંરક્ષિત કેટલાક સમુદાયો માટે આ કાયદો લાગુ નહીં પડે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

વિધેયકમાં લગ્ન અને છૂટાછેડા સંબંધિત સ્પષ્ટ નિયમો ઘડવામાં આવ્યા છે, જેમાં માન્ય લગ્ન માટેની શરતો, લગ્ન અને છૂટાછેડાની ફરજિયાત નોંધણી, પરસ્પર સંમતિથી છૂટાછેડાની જોગવાઈ સહિત ભરણપોષણ, સંતાનોની કસ્ટડી અને મિલકત વહેંચણીના મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા છે.

ખાસ નોંધપાત્ર બાબત તરીકે લિવ-ઇન રિલેશનશિપને પણ કાયદાકીય માન્યતા આપતી જોગવાઈઓ કરવામાં આવી છે. આવા સંબંધોની નોંધણી માટે પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે તેમજ આવા સંબંધોમાંથી જન્મેલા બાળકોના હકોને સુરક્ષા આપવામાં આવી છે. સાથે જ સંબંધ સમાપ્ત કરવાની પ્રક્રિયા અને ભરણપોષણ અંગેના નિયમો પણ સામેલ કરવામાં આવ્યા છે. વિધેયકમાં અપીલ, અમલ અને નિયમો ઘડવાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવી છે તેમજ કાયદાના અમલ દરમિયાન આવતી મુશ્કેલીઓને દૂર કરવા માટે વિશેષ જોગવાઈઓ પણ સમાવાઈ છે.

આ વિધેયક આગામી સપ્તાહે વિધાનસભામાં ચર્ચા માટે હાથ પર લેવાશે.આ રીતે "ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬" રાજ્યમાં વ્યક્તિગત કાયદાઓમાં એકરૂપતા લાવવાના દિશામાં એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે, જેનાથી કાનૂની પ્રક્રિયામાં સરળતા સાથે સમાજમાં સમાનતા અને ન્યાયને વધુ મજબૂત બનાવવાનો માર્ગ ખુલશે.

અંકલેશ્વરમાંથી ચોરેલી બે ફોર્ચ્યુનર સાથે એક ઝડપાયો

અકસ્માતગ્રસ્ત વાહનોના ચેસીસ નંબર ચોરેલી કારમાં ફિટ કરવાનું કૌભાંડ ખુલ્લું પડ્યું

સુરતઃ સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચની વાહન ચોરીના વણશોધાયેલા ગુનાઓ ઉકેલવા ટીમો કાર્યરત હતી. દરમિયાન જનરલ સ્ક્વોડને બાતમી મળી હતી કે, નવસારી રૂરલ પોલીસની હદમાં ગ્રીડ પાસે આવેલા 'ખોડિયાર મોટર્સ ગેરેજ'માં ચોરીની ગાડીઓ છુપાવવામાં આવી છે. પોલીસે ફનસિટી હોટલ પાસે ત્રાટકી આરોપી સંજય ચુનીલાલ મોવલીયા (ઉ.વ.૪૫) (રહે.,કબીલપોર, નવસારી)ને ઝડપી પાડ્યો હતો. દરોડા દરમિયાન આરોપી ચોરેલી ગાડીમાં અન્ય ગાડીની ચેસીસ ફિટ કરી કલરકામ કરતાં રંગેહાથ પકડાતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી.

પોલીસે સ્થળ પરથી બે ફોર્ચ્યુનર કાર કબજે કરી છે, જેમાં એક નંબર પ્લેટ વગરની કાળા રંગની કાર અને બીજી સફેદ રંગની GJ-16-DK-1600 નંબરની કારનો સમાવેશ થાય છે. આ બંને ગાડીની કિંમત અંદાજે ૪૦ લાખ આંકવામાં આવી છે. તપાસમાં ખૂલ્યું હતું કે, આ વાહનો અંકલેશ્વર GIDC પો.સ્ટે.માં નોંધાયેલી ચોરીના ગુના સાથે સંકળાયેલા છે. પકડાયેલા આરોપીની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે.

આરોપી સંજય તેના ભાઈ અતુલ સાથે મળીને વર્ષોથી ગેરેજના વ્યવસાયની આડમાં આ કૌભાંડ ચલાવતો હતો. તેઓ અકસ્માતમાં ટોટલ લોસ થયેલાં વાહનો ભંગારના ભાવે ખરીદી લેતા અને ત્યારબાદ તે જ મોડેલની ચોરી કરેલી ગાડીઓમાં અકસ્માતગ્રસ્ત વાહનોનાં એન્જિન અને ચેસીસ નંબર ફિટ કરી તેને વેચી દેતા હતા. આરોપી સંજય મોવલીયા રીઢો ગુનેગાર છે અને અગાઉ પણ આવા જ પ્રકારનાં ૧૫ વાહન ચોરીના ગુનાઓમાં પકડાઈ ચૂક્યો છે. હાલ ક્રાઈમ બ્રાન્ચે મુખ્ય સૂત્રધાર અતુલ મોવલીયાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે. અગાઉ આવી ગાડી કોને વેચી છે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

અનુસંધાન ... પાના પહેલાનું

પશ્ચિમ એશિયાના...

પર ભારતીય નાગરિકના મોતની આ ત્રીજી ઘટના છે. આ અગાઉ 13 માર્ચના રોજ ઓમાનના સોહાર શહેરમાં થયેલા ડ્રોન હુમલામાં બે ભારતીયોના મોત થયાં હતાં અને 10 અન્ય ઈજાગ્રસ્ત થયા હતા. આ ઉપરાંત, અગાઉ દરિયામાં વેપારી જહાજો પર થયેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓ પણ શહીદ થયા હતા. પશ્ચિમ એશિયામાં વસતા આશરે 1 કરોડ ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર હાલમાં રાજદ્વારી પ્રયાસો તેજ કરી રહી છે.

ઈરાનની વિશ્વભરના...

કાઉન્સિલના વડા અને અનેક ટોચના સૈન્ય અધિકારીઓ માર્યા ગયા છે. ઈરાની મીડિયાએ રિવોલ્યુશનરી ગાર્ડના પ્રવક્તા જનરલ અલી મોહમ્મદ નૈનીના મોતની પણ પુષ્ટિ કરી છે. ઈઝરાયેલે ઈરાનના વિશાળ 'સાઉથ પાર્સ' નેચરલ ગેસ ફિલ્ડ પર બોમ્બમારો કર્યો છે. ઈઝરાયેલે હવે સીરિયા પર પણ હુમલા શરૂ કર્યા છે.

જવાબમાં ઈરાને બહેરીન અને સાઉદી અરેબિયાના તેલ સમૃદ્ધ પૂર્વી પ્રાંતો પર પણ ડ્રોન હુમલા કર્યા છે. ઈરાને કુવૈતની વિશાળ 'મીના અલ-અહમદી' રિફાઇનરી પર ડ્રોન હુમલા કર્યા છે, જેનાથી ત્યાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ રિફાઇનરી દરરોજ ૭.૩૦ લાખ બેરલ તેલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત દુબઈ અને જેબેલ અલીમાં પણ ઈરાની મિસાઈલોને તોડી પાડવામાં આવી હતી. યુદ્ધના કારણે બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ ૧૦૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધને કારણે કોમ્પ્યુટર ચિપ્સ માટે વપરાતું હિલિયમ અને ખાતર માટેનું સલ્ફર જેવા કાચા માલની અછત સર્જાઈ છે, જેની અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહી છે.

કતારના ગેસ પ્લાન્ટ...

ગેસ સિવાય અન્ય ઉત્પાદનો પર પણ અસર પડશેઃ હિલિયમઃ ઉત્પાદનમાં 14% ઘટાડો (દક્ષિણ કોરિયાના સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે ચિંતાજનક). **LPGઃ** 13%નો ઘટાડો.

નેફ્થા અને સલ્ફરઃ 6%નો ઘટાડો.

LPGની અછત યથાવત...

હતો, જે હવે ઘટીને 55 લાખ પર આવ્યો છે. જોકે, હજુ પણ સ્થિતિ ચિંતાજનક છે. હોટલ અને રેસ્ટોરન્ટ જેવા કોમર્શિયલ એકમોને તેમની જરૂરિયાતના માત્ર પાંચમા ભાગનો (20%) ગેસ જ આપવામાં આવી રહ્યો છે. સરકારની પ્રથમ પ્રાથમિકતા સામાન્ય લોકોના ઘરના રસોડા છે. પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા મુજબ, છેલ્લા બે અઠવાડિયામાં સ્થાનિક LPG ઉત્પાદનમાં 40%નો વધારો કરવામાં આવ્યો છે, જેથી ઘરેલુ સિલિન્ડરની ડિલિવરી સામાન્ય રહી શકે. સરકારે ગ્રાહકોને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) તરફ વળવા અપીલ કરી છે. છેલ્લા થોડા દિવસોમાં 7,000થી વધુ ગ્રાહકો LPG છોડીને PNG પર શિફ્ટ થયા છે. આ ઉપરાંત કેરોસીન જેવા વૈકલ્પિક ઈંધણના વપરાશને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

પ્રીમિયમ પેટ્રોલ...

આયાત કરે છે, જેનો મોટો હિસ્સો હોર્મુઝની સામુદ્રધુની મારફતે આવે છે. હાલમાં આ વિસ્તારમાં તણાવને કારણે ટેન્કરોની અવરજવર પર અસર પડી રહી છે. પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ સ્પષ્ટ કર્યું હતું કે આ વધારો માત્ર પ્રીમિયમ કેટેગરી પૂરતો મર્યાદિત છે અને ભાવ નક્કી કરવાનો નિર્ણય કંપનીઓ સ્વતંત્ર રીતે લે છે. દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ જેવા મુખ્ય શહેરોમાં સામાન્ય ઈંધણના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. પ્રીમિયમ પેટ્રોલમાં આ વધારો સૂચવે છે કે જો ક્રૂડના ભાવ હજુ વધશે, તો આગામી સમયમાં સામાન્ય ઈંધણ પર પણ અસર પડી શકે છે.

પત્ની કંઈ કામવાળી...

જસ્ટિસ મહેતાએ ટકોર કરી કે, "તમે કોઈ કામવાળી સાથે લગ્ન નથી કર્યા." જ્યારે જસ્ટિસ નાથે ઉમેર્યું કે પતિએ પણ ઘરકામમાં સરખી ભાગીદારી નોંધાવવી જ જોઈએ. સુપ્રીમ કોર્ટે બંને પક્ષોને ૨૭ એપ્રિલના રોજ રૂબરૂ હાજર રહેવા આદેશ આપ્યો છે જેથી તેમની સાથે સીધી વાતચીત કરી શકાય.

સ્થાનિક સ્પિનરોને રક્ષણ મળશે પણ વિવરોની મુશ્કેલી વધવાની ભીતિ

ચીન અને વિયેતનામના નાયલોન યાર્ન પર ADD ની ભલામણ

યાર્નના ભાવમાં કિલોએ 23.50 થી 71.50 સુધીનો તોતિંગ વધારો ઝીંકાશે

સુરતઃ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ એન્ડ રેમેડિઝ (DGTR) એ ચીન અને વિયેતનામથી આયાત થતા નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી ઝીંકવાની ભલામણ કરી છે. DGTRના આક્રમક વલણથી આયાતી યાર્નના ભાવમાં કિલોએ 23.50 થી 71.50 સુધીનો તોતિંગ વધારો ઝીંકાશે, સ્થાનિક સ્પિનરોને રક્ષણ મળશે પણ વિવરોની મુશ્કેલી વધવાની ભીતિ સેવાઈ રહી છે.આ નિર્ણયથી આયાતી નાયલોન યાર્નના ભાવમાં પ્રતિ કિલો 23.50 થી લઈ 71.50 સુધીનો વધારો જોવા મળી શકે છે.

નાયલોન યાર્ન ઉત્પાદક કંપનીઓ સેન્ચ્યુરી એન્કા, ગુજરાત પોલીફિલ્મ્સ, ઓરીલોન ઈન્ડિયા એ DGTR માં પીટીશન કરી હતી. કે, છેલ્લા લાંબા સમયથી ભારતીય યાર્ન ઉત્પાદકો (સ્પિનરો) એવી ફરિયાદ કરી રહ્યા હતા કે ચીન અને વિયેતનામ જેવા દેશો ભારતની બજારમાં પડતર કિંમત કરતા પણ નીચા ભાવે નાયલોન યાર્ન ઠાલવી રહ્યા છે. આ ' ડમ્પિંગ'ને કારણે સ્થાનિક ઉદ્યોગો સ્પર્ધામાં ટકી શકતા નહોતા. સૂચિત એન્ટી ડમ્પિંગ ડ્યૂટી અલગ-અલગ ગ્રેડ અને કંપની મુજબ પ્રતિ કિલો $0.28 થી $0.85 (અંદાજે 23.50 થી 71.50 રૂપિયા) સુધી રહેશે.

ફાયનાન્સ મીનીસ્ટ્રીમાં રજૂઆત કરીશુંઃ નાયલોન વિવર્સ એસો.

નાયલોન વિવર્સ એસોસિએશન સુરતના પ્રમુખ મયૂર ચેવલી,વિવર્સ અગ્રણી અને સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયૂર જે.ગોળવાલા અને વેડરોડ વિવર્સ એસોસિએશનના પ્રમુખ ભૂપેન્દ્રભાઇ ચાહવાલા એ સંયુક્ત પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે, ADD નહીં લાગે તે માટે વડાપ્રધાન,કેન્દ્રીય નાણામંત્રી, ટેક્સટાઈલ સેક્રેટરી, ટેક્સટાઈલ કમિશનર અને જળશક્તિ મંત્રી અને સાંસદ સી.આર. પાટીલને રજૂઆત કરવામાં આવશે.નાયલોન વિવર્સ એસોસિએશનને અપીલ કરી છે કે,વિવર્સ, નીટર્સ અને જરી ઉદ્યોગે DGTR ના ચુકાદાથી પેનીક થવું નહી. ગભરાટમાં આડેધડ નાયલોન યાર્નની ખરીદી કરવી નહી. ભૂતકાળમાં પણ નાયલોન યાર્ન ઉપર ADD લાદવા ફેક્ટ ફેન્ડિંગ ભલામણ કરી હતી. પણ નાણા મંત્રાલયે વિવર્સના વિશાળ હિતને ધ્યાને રાખી ભલામણ દફતરે કરી દીધી હતી.

હજીરાથી મગદલ્લા સુધી ૬૪૬ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ નંખાશે

ધારાસભ્ય સંદીપ દેસાઈ દ્વારા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલને રજૂઆત કરવામાં આવી હતી

સુરતઃ હજીરા નોટિફાઇડ એરિયા ઓથોરિટી દ્વારા મગદલ્લા બ્રિજથી હજીરા સર્કલ સુધીના સર્વિસ રોડ અને હાઈવે પર ૬૪૬ લાખ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવશે. આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત 21 માર્ચ 2026, શનિવારના રોજ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવશે.

હજીરામાં ખાસ કરીને રાત્રિના સમયે ટ્રેલર, ટેન્કર અને કન્ટેનર વાહનોની સતત અવરજવર વચ્ચે માર્ગ પર પૂરતી લાઈટિંગ ન હોવાને કારણે અકસ્માતોની સંભાવના વધી જતી હતી. અનેક વખત નાના-મોટા અકસ્માતોની ઘટનાઓ સામે આવતાં સ્થાનિકોમાં અસુરક્ષાની ભાવના ફેલાઈ હતી. જે અંગે ધારાસભ્ય સંદીપ દેસાઈએ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલને રજૂઆત કરતાં નોટિફાઇડની ગ્રાંટમાંથી ૬૪૬ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. સ્ટ્રીટ લાઈટ સ્થાપિત થતાં કવાસ, મોરા, દામકા, હજીરા, રાજગરી સહિતનાં ગામોના હજારો લોકોને સીધો લાભ મળશે. ખાસ કરીને રાત્રિના સમયે અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત, ઉદ્યોગોમાં આવતા-જતા કર્મચારીઓ માટે પણ આ સુવિધા રાહતરૂપ સાબિત થશે. અંધકારમય રસ્તાઓને કારણે થતી મુશ્કેલીઓ હવે દૂર થશે. સ્ટ્રીટ લાઈટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત શનિવારે કરાશે. શનિવારે સવારે 9:30 કલાકે મોરા ત્રણ રસ્તા પાસે ખાતમુહૂર્ત વિધિ યોજાશે, ત્યારબાદ સવારે 10 કલાકે મોરા ગામ જાત્રાના કુવા પાસે વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરતમાં 2...

વાતાવરણમાં આવેલા પલટાને પગલે ભારે પવન અને વરસાદ વરસ્યો હતો. કમોસમી વરસાદને પગલે અનેક ખેડુતોના પાકને નુકસાન થયું હતું, સાથેજ ભારે પવન ફુકાતા શહેરી વિસ્તારમાં હોર્ડિંગ્સ, પતરા અને વૃક્ષ ધરાશાય થવાની ઘટના સામે આવી હતી. સુરત શહેરમાં પણ ગુરૂવારે રાતે ભારે પવન ફુકાવાને પગલે શહેરના પાલ ગૌરવ પથ રોડ પર, સગરામપુરા કડીવાલા સ્કુલ પાસે, વરાછા ઉમિયાધામ મંદિર પાસે, અશ્વનિકુમાર પટેલનગર, સિટી લાઈટ મહેશ્વરી ભવન, ભટાર કાપડીયા હેલ્થ ક્લબ સહિતના વિસ્તારોમાં વૃક્ષ ધરાશાય થવાની ઘટનાને પગલે ફાયર વિભાગ સતત દોડતું રહ્યું હતું. વૃક્ષ ધરાશાય થવાને પગલે સદનસીબે કોઈને ઈજા પહોંચી નહતી પરંતુ વાહનોને નુકસાન થયું હતું. આ ઉપરાંત પતરા પણ ભારે પવનને પગલે ઊડી ગયા હતા.

પલસાણામાં 2200...

આર્થિક વળતરની માંગ કરી છે. તો અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં ગતરોજ ફુંકાયેલા ભારે પવનને કારણે આંબા પરથી મોટી સંખ્યામાં મોર અને મોરવા નીચે ખરી પડતાં ખેડૂતોને મોટો ફટકો પડ્યો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર આ અચાનક આવેલા પવનના કારણે પાકને 80 ટકાથી વધુ નુકસાન થયું છે. 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાતા ગણદેવી, અમલસાડ અને ચીખલી પંથકમાં પવનનો પ્રભાવ વધુ જોવા મળ્યો છે. કેરી અને ચીકુ માટે જાણીતા વિસ્તારોમાં કાચી કેરીઓ પવનના ઝોકા સાથે જમીન પર ઢળી રહી છે, જેના કારણે ખેડૂતોમાં ભારે નુકસાનની ભીતિ ઊભી થઈ છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, જો હાલની પરિસ્થિતિ ચાલુ રહેશે તો નવસારી જિલ્લામાં કેરીના ઉત્પાદનમાં 20થી 30 ટકા સુધી ઘટાડો થવાની શક્યતા છે. હાલમાં બજારમાં કાચી કેરીના ભાવ ૩.40 પ્રતિ કિલો સુધી પહોંચ્યા છે, ત્યારે આ નુકસાન ખેડૂતોની આર્થિક સ્થિતિ પર સીધી અસર કરી શકે છે.

વાવાઝોડાની અસર

» કીમની વિદ્યાદીપ યુનિવર્સિટીમાં શિવ તાંડવ કાર્યક્રમમાં વાવાઝોડાએ તાંડવ મચાવતાં નાસ્તા-પાણીના સ્ટોલ અને મંડપો પણ પવનના ઝાટકાથી ઊડી ગયા

» ભરૂચ જિલ્લામાં વાવાઝોડાએ કહેર વર્તાવતાં 327 ગામમાં અંધારપટ છવાયો, સાથે 32 ઝાડ જમીનદોસ્ત થયા

» કામરેજ તાલુકામાં વાવાઝોડાથી કેળાં સહિતના પાકોને ભારે નુકસાન થતાં ખેડૂતો ચિંતાતુર

» પલસાણાના દસ્તાનમાં વાવાઝોડાને કારણે વૃક્ષ ધરાશાયી થતાં વ